# વૈદિક યુગની અર્થવ્યવસ્થા

ડો.ગીતા ડી.મારુ
અધ્યાપક સહાયક,
એમ.બી.કોમર્સ & જી.એમ.એન.લાલજી
આર્ટ્સ કોલેજ, દહેગામ

# પ્રસ્તાવના.

- ઋગ્વૈદિક આર્યોનું પ્રારંભિક જીવન અસ્થાયી હતું. તેથી તેમના જીવનમાં ખેતી કરતાં પશુપાલનનું મહત્વ વધારે હતું. પશુઓમાં ગાયનું સ્થાન સર્વોચ્ચ હતું. ગાયની ગણતરી સંપત્તિમાં કરવામાં આવતી હતી.
- ઋગ્વેદમાં ગાયના નામનો ઉલ્લેખ 176 વાર કરવામાં આવ્યો છે. આર્યોની મોટાભાગની લડાઇઓ ગાયોને લઈને થતી હતી. ગાયને અઘ્ન્યા (જેને મારી ન શકાય ) તરીકે ઓળખવામાં આવતી.
- વૈદિક યુગની આર્થિક સ્થિતિમાં જે રીતે પશુપાલન મુખ્ય હતું તેજ રીતે સમય જતાં આર્યો સ્થાયી થયા અને સ્થાયી જીવન માટે આર્થિક પ્રવૃત્તિમાં ખેતી સર્વશ્રેષ્ઠ હતી, આથીજ સમય જતાં આર્યોની મુખ્ય આર્થિક પ્રવૃત્તિ ખેતી બની ગઈ હતી.

# વૈદિક યુગની આર્થિક સ્થિતિના લક્ષણો.

1. ખેતી.
2. પશુપાલન.
3. ઉધોગ ધંધા અને વ્યવસાય.
4. વેપાર વાણિજ્ય

# ખેતી.

- આર્યો દ્વારા ખેતી અને પશુપાલન એમ બે મુખ્ય આર્થિક પ્રવૃત્તિ અપનાવવામાં આવી હતી. આર્યો ખેતી માટે નદીઓ, તળાવો, કૂવાઓ દ્વારા સિંચાઇ કરતાં હતા, છતાં મોટાભાગની ખેતી માત્ર વરસાદ પર આધારિત હતી. ઘઉં, જવ, ચોખા, કપાસ, મગ, અડદ, તલ વગેરેની ખેતી કરતા હતા.
- ઋગ્વેદમાં 24 શ્લોકોમાં કૃષિ શબ્દનો ઉલ્લેખ જોવા મળે છે.
- કૃષિને “ચર્ષિણી” તરીકે ઓળખવામાં આવતું હતું. ખેડેલા ખેતરને ક્ષેત્ર કહેવામા આવતું હતું,
- હળને “લાંગલ” તથા બળદને “વૃક” તરીકે ઓળખવામાં આવતું હતું. હળ ચલાવનાર ખેડૂતને “કિવાશ” તરીકે ઓળખવામાં આવતો.
- જમીન બે પ્રકારની ગણાતી હતી.
  1. ઉર્વરા: ફળદ્રુપ જમીન
  2. ખીલ્ય: ગોચર કે બંજર જમીન
- સિંચાઇ બે રીતે થતી હતી.
  1. સ્વયંજા: વરસાદ, તળાવ દ્વારા થતી સિંચાઇ
  2. ખનિત્રમા: ખોદીને કાઢેલ પાણી દ્વારા થતી સિંચાઇ, (કૂવો, નહેર)

# પશુપાલન.

- પ્રારંભમાં આર્યોનો મુખ્ય વ્યવસાય પશુપાલન હતો. આર્યો પશુપાલનમાં વિશેષ રુચિ ધરાવતા હતા. આર્યોનું મુખ્ય પશુ ગાય હતી. ગાયની હત્યા કરનારને મૃત્યુદંડ પણ આપી શકાતો હતો. ગાય એ સંપત્તિનો ભાગ ગણાતી હતી. આર્યો ગાય સિવાય બળદ, ઘેટાં, બકરા, ઘોડા, ગધેડા, કુતરા, ભેંસ, પાડા વગેરે પાળતા હતા. આર્યો બળદ પછી ઘોડાને વધારે મહત્વ આપતા હતા. ઘોડો યુદ્ધમાં વાહન વ્યવહારના સાધન તરીકે તથા રથ સ્પર્ધામાં ઘણો ઉપયોગી હતો.

# ઉધોગ-ધંધા અને વ્યવસાય.

- વૈદિક યુગમાં ખેતી અને પશુપાલન સિવાય બીજા ઘણા વ્યવસાયો અસ્તિત્વમાં હતા. જેમાં મુખ્યત્વે સુતરાઉ કાપડ બનાવવાનો, ઉનના કાપડ તૈયાર કરવા, રંગાટીકામનો જેવા અનેક ઉધોગો વિકાસયા હતા. આ બધા ગૃહ ઉધોગો હતા. આ ઉપરાંત સુથારીકામ, લુહારીકામ, ચર્મકામ, સોનીકામ, માટીકામ, સીવણકામ, પથ્થરો ટાંકવાના કામ, જેવા અનેક હુન્નર ધંધાઓ અસ્તિત્વમાં હતા.
- આ સમયે યજ્ઞોનું મહત્વ વધારે હોવાથી પુરોહિતોનો વ્યવસાય પણ અગ્રસ્થાને હતો.
- આ યુગમાં કોઈપણ વ્યવસાય ઉતરતી કક્ષાનો ગણવામાં આવતો ન હતો.

# વેપાર-વાણિજ્ય.

- વૈદિક યુગમાં સુતરાઉ કાપડ, ઊનનું કાપડ, ચામડાઓની વસ્તુઓ, પશુઓ, કિંમતી ધાતુઓ, આભૂષણો, વગેરેનો મોટાપાયે વેપાર ચાલતો હતો. આર્યો જળ માર્ગે તથા સ્થળ માર્ગે વેપાર કરતાં હતા.
- આર્યના સમાજમાં “પણિ અને વૃબુ” નામના બે પ્રકારના વેપારીઓનો ઉલ્લેખ જોવા મળે છે.
- આર્યો નદી માર્ગો દ્વારા અનેક મોટા નગરો અને શહેરોમાં પોતાની વસ્તુઓનો વેપાર કરતાં હતા. શરૂઆતમાં વ્યાપાર વિનિમયનું સાધન “ગાય” હતી. ત્યારબાદ પાછળથી “નિષ્ક” નામની સોનાની મુદ્રાના પ્રચલનના ઉલ્લેખ જોવા મળે છે.
- ઋગ્વેદમાં એક જગ્યાએ 100 હલેસા વાળા વહાણોનો ઉલ્લેખ જોવા મળે છે.
- આર્યો વ્યાજ વટાવ અને પૈસાની લેણ-દેણથી પરિચિત હતા.



